દરરોજ સવાર–સાંજ આ દુઆઓ
પઢવાનો નિત્યક્રમ બનાવી લો

# ચાલીસ રબ્બના

યા'ને

# કુર્આની દુઆઓ

સંપાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** -*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

★ **પ્રકાશક** ★

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

GRWB/059/Bharuch/02 *C/o.* ફયુઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦ ફોન : ૦૨૬૪૨–૨૮૨૭૯૨ ૨૮૨૦૮૬, ૨૮૨૯૧૧, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

★ પ્રકાશન નં. : ૧૪૫ ★ કિંમત : રૂા. ૬/–

## ★ હક્કસે મિલાને આએ હૈં ★

રોસુલ ઉન્હીં કા તો મુઝ઼દા સુનાને આએ હૈં
ઉન્હીં કે આને કી ખુશિયાં મનાને આએ હૈં
ફરિશ્તે આજ જો ધૂમેં મચાને આએ હૈં
ઉન્હીં કે આને કી શાદી રચાને આએ હૈં
ફલક કે હૂરો મલક ગીત ગાને આએ હૈં
કે દોજહાં મેં યહ ડંકે બજાને આએ હૈં
યહ સીધા રાસ્તા હક્ક઼ કા બતાને આએ હૈં
યહ હક્ક઼ કે બંદો કો હક્ક઼ સે મિલાને આએ હૈં
યહ ભૂલે બિછળોં કો રસ્તે પે લાને આએ હૈં
યહ ભૂલે ભટકોં કો હાદી બનાને આએ હૈં
ચમકસે અપની જહાં ઝગમગાને આએ હૈં
મહકસે અપની યહ કૂચે બસાને આએ હૈં
યહી તો સોતે હૂઓં કો જગાને આએ હૈં
યહી તો રોતે હૂઓં કો હંસાને આએ હૈં
ઉન્હેં ખુદાને કિયા અપને મિલ્ક કા માલિક
ઉન્હીં કે કબ્ઝેમેં રબકે ખ઼ઝાને આએ હૈં
સુનેગા 'લા' ન ઝબાને કરીમ સે **'નૂરી'**
યહ ફૈઝો જૂદ કે દરયા બહાને આએ હૈં



# સંપાદકના બે બોલ...

بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

نَحۡمَدُهٗ وَنُصَلِّىۡ وَنُسَلِّمُ عَلٰى رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! તથા હઝરત ફાતિમા ઝોહરા رضی اللہ عنہاની કનીઝાઓ ! અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે આપણને પેદા કર્યાં છે અને સર્વ નેઅમતો આપનાર તથા મુસીબતો, બીમારીઓ દૂર કરનાર અલ્લાહ કરીમ જ છે, ચાહે દુનિયા તથા આખેરતની, તેમજ જિસ્માની કે રૂહાની હોય. આપણને જે કાંઈ મળશે તે રબ તઆલાથી જ મળશે જેથી તેની જ બારગાહમાં અતિ આજીજીપૂર્વક, રડી રડીને, ખુલૂસ દિલથી, સાચી નિય્યતે માંગણી કરવી જોઈએ અને નબી કરીમ ﷺ તથા તેના મહબૂબ બંદાઓનો વસીલો, ગૌષેપાક رضی اللہ عنہ તથા સર્વ અવલિયાનો



વસીલો પકડીને દુઆ કરવી જોઈએ તો જરૂર રબ્બે કરીમ કરમ ફર્માવશે.

પ્રસ્તુત કિતાબમાં પ્રથમ દુઆની ફઝીલત તથા તેનું મહત્વ વાંચશો અને દુઆ પઢો તો તેના તર્જુમાને પણ ધ્યાનમાં રાખશો તો દુઆમાં અધિક આજીજી તથા લુત્ફ પેદા થશે. દુઆ પઢતાં પહેલાં તથા અંતમાં કમસે કમ ત્રણવાર, વધુમાં વધુ જે બને તે ૫, ૭, ૧૧, ૨૧ વગેરે એકી સંખ્યામાં દુરૂદ પઢશો. અંતમાં હુઝૂર ﷺના તથા બુઝુર્ગોના વસીલાથી દુઆની કબૂલિયત માટે રબની બારગાહમાં કરગરીને દુઆ કરશો. આ હકીરને તથા મારાં વાલિદૈનને તેમજ કિતાબ છપાવવામાં સહાય કરનારાઓને દુઆમાં શરીક કરશો એવી અપીલ છે.

**–પટેલ શબ્બીર અલી રઝવી**

*[તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક) દયાદરા]*

# દુઆની ફઝીલત તથા આદાબ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَا رَسُوْلَ اللّٰهِ ﷺ

وَعَلٰی آلِكَ وَاَصْحَابِكَ یَا حَبِیْبَ اللّٰهِ ﷺ

મારા પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

اُجِیْبُ دَعْوَةَ الدَّاعِ اِذَا دَعَانِ ۝

**અર્થ** : "જ્યારે મને પુકારવામાં આવે છે ત્યારે હું પુકારનારની દુઆ કબૂલ કરું છું." *(કન્ઝુલ્ ઈમાન)*

દુઆ જરૂરિયાત (મુરાદ)ની અરજી છે. એની કબૂલિયત એ છે કે પરવરદિગાર પોતાના બંદાની



દુઆ પર 'લબ્બૈક અબ્દી' ફર્માવે છે. દિલી મુરાદ પૂરી કરવી એ બીજી ચીજ છે. કોઈ વખત હિકમતી તકાઝાને કારણે ક્યારેક બંદાની હાજત મોડેથી (સમય બાદ) દુનિયામાં પૂરી કરવામાં આવે છે તો ક્યારેક આખેરતમાં. કોઈકવાર બંદાનો નફો બીજી ચીજમાં હોય તો તે અતા કરવામાં આવે છે. કોઈ વખત (માંગનાર) બંદો મહબૂબ હોય તો એની હાજત પૂરી કરવામાં એટલા માટે મોડુ કરવામાં આવે છે કે તે (બંદો) લાંબા સમય સુધી દુઆમાં મશ્ગૂલ રહે. (દુઆ કરતો રહે.) કોઈવાર દુઆ કરવાવાળામાં સચ્ચાઈ, ખુલૂસિયત અર્થાત કબૂલિયત માટેની શરતો જોવામાં આવતી નથી, પરિણામે દુઆ કબૂલ થતી નથી. *(તફસીરે ખઝાઈનુલ ઈર્ફાન)*

وَقَالَ رَبُّكُمُ ادْعُوْنِیْٓ اَسْتَجِبْ لَكُمْ ۝

**અર્થ** : "અને તમારા રબ عزوجلએ ફર્માવ્યું કે,



મારાથી દુઆ કરો, હું કબૂલ કરીશ." *(કન્ઝુલ ઈમાન)*

શમ્એ રિસાલતના પરવાનાઓ ! દુઆ, ઈબાદતની રૂહ અને જડ છે. કારણ કે અંતિમ કક્ષાની આજીજી અને ન્યાઝમંદીને ઈબાદત કહેવામાં આવે છે. અને તે (આજીજી, ન્યાઝમંદી) એવા સમયે પેદા થાય છે કે જ્યારે માણસ મુસીબતોમાં ઘેરાયેલો હોય, દોસ્તો સાથ છોડી ગયા હોય, દરેક પ્રયત્ન નિષ્ફળ નીવડયો હોય, પરિસ્થિતિ અને સંજોગોએ એની તાકાતને ચૂર ચૂર કરી નાંખી હોય, જ્યારે ચોતરફની આશાઓ ઉમ્મીદોને છોડી પોતાના રબ્બે કરીમની બારગાહમાં હાજરી આપી પોતાનું સર (માથુ) ઝુકાવી દે, એની જબાન બંધ હોય પરંતુ એના દર્દે દિલની દાસ્તાન આંસૂ સારતી આંખો સંભળાવી રહી હોય. અને એને યકીન હોય કે તે



પોતાના ગમ (દર્દ)ની દાસ્તાન (તે) કાદિરે મુત્લકની સમક્ષ રજૂ કરી રહ્યો છે કે જેની સામે કોઈ મુશ્કેલી જ નથી. આ સિવાય એને એવો પાકો વિશ્વાસ (ભરોસો) હોય કે અહીંથી ક્યારે પણ કોઈ સવાલી ખાલી હાથે પાછો ફર્યો નથી અને હું પણ કદી ખાલી હાથે પાછો ફરનાર નથી. (મને મેહરૂમ નહીં કરે) આવા સમયે જે આજીજી, ખુશૂઅ, ખુઝૂઅ પેદા થાય છે તેનું દૃષ્ટાંત બીજે ક્યાં મળશે ? (કાશ !) દુઆની આ લિજ્જત–મીઠાશને જો કોઈ સમજે તો ! *(ઝિયાઉલ કુર્આન)*

## ★ દુઆનું મહત્વ ★

હુઝૂર નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

**અર્થ** : "દુઆ ઈબાદતનુ મગ્ઝ (મીજ, જડ) છે." *(તિર્મિઝી, રાવી : હઝરત અનસ رضی اللہ عنہ)*

### ★ દુઆ મો'મિનનું હથિયાર છે ★

તાજદારે મદીના ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

**અર્થ** : ''દુઆ મો'મિનનું હથિયાર છે તેમજ દીનનો સ્થંભ અને જમીન આસ્માનનું નૂર છે.'' (હઝરત અબૂ હુરૈરહ્ رضی الله عنهથી)

બીજી હદીષ શરીફમાં ઈર્શાદ ફર્માવ્યો, શું હું તમને એવી ચીજ ન આપું કે જે તમને તમારા દુશ્મનથી છૂટકારો અપાવે, અને તમારી રોજીમાં વધારો કરે ? પરિણામે રાત–દિવસ અલ્લાહ તઆલાથી દુઆ કરતા રહો કેમ કે દુઆ મો'મિનનું હથિયાર છે. *(અબૂ યઅ્લા હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ رضی الله عنهما)*

### ★ દુઆનો દરવાજો એટલે રહમતનો દરવાજો ★

નબીએ મુકર્રમ, નૂરે મુજસ્સમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–



**અર્થ** : જે માણસ માટે દુઆના દરવાજા ખોલી દેવામાં આવ્યા તેને માટે રહમતના દરવાજા ખોલવામાં આવ્યા. અલ્લાહ તઆલા પાસે આફિયત (ભલાઈ)નો સવાલ કરવો એ ઘણી સારી વાત છે.

### ★ દુઆ બલાને દૂર કરે છે ★

નબીએ કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, કે જ્યારે બલા ઉતરતી હોય ત્યાર બાદ દુઆનો એની સાથે મેળાપ થાય તો બંને કયામત સુધી કુસ્તી લડયા કરે છે. એટલે કે દુઆ તે બલાને ઉતરવા દેતી નથી. (તિબ્રાની, હાકિમ)

### ★ ઈબાદતમાં દુઆનું સ્થાન ★

હઝરત અબૂઝર ગફ્ફારી رضی الله عنه ફર્માવે છે :– ''ખાણામાં નમક (મીઠા)ની જેટલી અગત્યતા છે એટલી જ અગત્યતા ઈબાદતમાં દુઆની છે.'' *(તંબીહુલ ગાફેલીન)*



શમ્એ રિસાલતના પરવાનાઓ ! દુઆ એક અઝીમ નેઅમત છે જે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે પોતાના બંદાઓને અતા કરી છે. મુશ્કેલીઓને હલ કરવામાં એનાથી વધીને બીજી કોઈ અસરકારક ચીજ નથી અને બલા આફતને દૂર કરવા માટે એનાથી બેહતર બીજું કાંઈ નથી. એક દુઆથી બંદાને પાંચ ફાયદા થાય છે.

**૧.** પરહેઝગારો, ઈબાદતગુઝારના સમૂહમાં દાખલ થાય છે. કેમ કે દુઆ ખૂદ ઈબાદત બલ્કે ઈબાદતની રૂહ છે.

તાજદારે મદીના ﷺએ ઈર્શાદ ફર્માવ્યો :–

**અર્થ** : '' દુઆ જ ઈબાદત છે. *(અબૂ દાઊદ, તિર્મિઝી, રાવી હઝરત નોઅમાન બિન બશીર رضی الله عنهما)*

**૨.** દુઆ કરવાવાળો પોતાની કમજોરી અને હાજતનો એકરાર કરે છે તેમજ પોતાના પરવરદિગારના કરમ તથા કુદરતનો સ્વીકાર કરે છે.



**૩.** શરીઅતના હુકમનું અનુસરણ કરે છે કેમ કે હુઝૂર ﷺએ એના પર તાકીદ ફર્માવી છે તેમજ દુઆ ન માંગવા પર અલ્લાહના ગઝબની વઈદ સંભળાવી છે.

**૪.** સુન્નતની પેરવી ગણાશે કારણ કે હુઝૂર અકદસ ﷺ ઘણી વખત દુઆ માંગતા હતા અને બીજાઓને પણ (દુઆ માંગવાની) તાકીદ ફર્માવતા હતા.

**૫.** આફતને દૂર કરનાર તેમજ હાજતને પૂરી કરનાર છે. કેમ કે દુઆ કરનાર જો આફત (મુસીબત)થી છૂટકારો ઈચ્છતો હશે તો અલ્લાહ તઆલા (એને આફત, મુસીબતથી) છૂટકારો આપશે. અને જો તે કોઈ મતલબ રજૂ કરશે. (માંગણી કરશે) તો (અલ્લાહ પાક) પોતાની રહમતથી એને અતા ફર્માવે છે અથવા તો આખેરતમાં સવાબ બખ્શે છે.

## ★ દુઆઓમાં પોતાના ઈમાની ભાઈઓને પણ સામેલ કરો ★

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

**وَالَّذِیۡنَ جَآؤُا مِنۡۢ بَعۡدِهِمۡ یَقُوۡلُوۡنَ رَبَّنَا اغۡفِرۡلَنَا وَلِاِخۡوَانِنَا الَّذِیۡنَ سَبَقُوۡنَا بِالۡاِیۡمَانِ ۝**

**અર્થ** : ''અને જેઓ તેમના પછી આવ્યા તેઓ દુઆ કરે છે કે, અય અમારા રબ ! અમને બખ્શી દે અને અમારા ભાઈઓ જેઓ અમારાથી પહેલા ઈમાન લાવ્યા. (તેઓને પણ બખ્શી દે). *(કન્ઝુલ ઈમાન)*

શમ્એ રિસાલતના પરવાનાઓ ! ઉપરોક્ત આયતે કરીમામાં અલ્લાહ તઆલાએ એ અમલ (દુઆ માંગવા)ને ફાયદામંદ ગણાવીને ઈર્શાદ ફર્માવ્યો કે જેવી રીતે પાછળથી આવનાર મુસલમાનો પોતાના માટે દુઆએ મગફિરત કરે



છે, તેવી જ રીતે તેઓ (પોતાની) પહેલાં આવનાર મુસલમાન ભાઈઓ માટે પણ મગફિરતની દુઆ કરે, કારણ કે એ ફાયદાકારક અમલ છે. જો બીજા મુસલમાન ભાઈઓ માટે મગફિરતની દુઆ કરવી ફાયદામંદ ન હોય તો એ અમલને ફાયદાકારક ગણાવી એનું બયાન ન ફર્માવ્યું હોત. કારણ કે અલ્લાહના કલામમાં ફુઝૂલિયતની કોઈ ગુંજાઈશ નથી.

## ★ દુઆ ન કરવા પર બુરાઈ ★

હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **જે અલ્લાહ તઆલા સમક્ષ દુઆ નહીં કરે, તેના પર અલ્લાહ તઆલા ગઝબ ફર્માવશે.** આ'લા હઝરત عَلَیۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ ફર્માવે છે કે આ અર્થ કેટલીક અહાદીષે કુદ્સીમાં પણ આવેલ છે. (કેટલીક અહાદીષે કુદ્સીમાં પણ એ પ્રમાણે ફર્માવવામાં આવેલું છે.)



**હદીષે કુદ્ષી : (અર્થ)** : અલ્લાહ તઆલા ફર્માવે છે, જેઓ મારાથી દુઆ નહીં કરે, તેઓ પર હું ગઝબ ફર્માવીશ.

ચાર પ્રકારના આદમીઓમાં કોઈ ભલાઈ નથી : **(૧)** દુરૂદો સલામમાં કંજૂસાઈ કરવાવાળો **(૨)** અઝાનનો જવાબ ન આપનાર **(૩)** નેક કામમાં બીજાની મદદ ન કરનાર **(૪)** નમાઝો પછી પોતાના અને તમામ મો'મિનો માટે દુઆ ન કરનાર. *(તંબીહુલ ગાફેલીન)*

હદીષ શરીફમાં છે કે, અલ્લાહ તઆલા હયા ફર્માવનાર અને કરીમ છે. અલ્લાહ તઆલા એ વાતથી હયા ફર્માવે છે કે, એનો બંદો એની સામે હાથ ફેલાવે અને તેને ખાલી હાથે પાછો ફેરવે. (અલ્લાહ તઆલા પોતાના બંદાને ખાલી હાથે પાછો ફેરવવાથી હયા ફર્માવે છે) બલ્કે જેઓ દુઆ ન માંગે તેના પર અલ્લાહપાક ગઝબ ફર્માવે છે. *(મલફુઝાતે આ'લા હઝરત)*



## ★ દુઆના આદાબ ★

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

**اُدۡعُوۡا رَبَّکُمۡ تَضَرُّعًا وَّخُفۡیَةً ؕ اِنَّهٗ لَا یُحِبُّ الۡمُعۡتَدِیۡنَ**

**અર્થ** : ''ખૂબ કરગરીને ધીમે રહીને અલ્લાહ તઆલા પાસે દુઆ કરો, બેશક ! હદથી આગળ વધનાર એને (અલ્લાહ)ને પસંદ નથી. *(કન્ઝુલ ઈમાન)*

શમ્એ રિસાલતના પરવાનાઓ ! દુઆ અલ્લાહ તઆલાથી ભલાઈ મેળવવાને કહે છે અને એ ઈબાદતમાં સામેલ છે. કારણ કે દુઆ કરનાર પોતાની જાતને આજીજ અને મોહતાજ તેમજ પોતાના રબને સાચે જ કાદિર અને હાજત પૂરી કરનાર માને છે. એટલા માટે હદીષ મુબારકમાં કહેવાયું છે, ''દુઆ ઈબાદતનુ મગજ (મીજ) છે.

કરગરવાનો મતલબ આજીજી અને ખુશૂઅ

થાય છે. અને દુઆ ધીમેથી કરો. હદીષ શરીફમાં ઈર્શાદ થયો છે કે, અર્થ : ''ખબરદાર રહો ! બેશક ! અલ્લાહ તઆલા ગાફિલ રહેનાર દિલની દુઆ કબૂલ ફર્માવતો નથી. જો કે ઘણી વખત નિદ્રાવસ્થામાં (ઊંઘની હાલતમાં) બિલ્કુલ અનિચ્છાએ જબાનથી જે નીકળે છે તે કબૂલ થઈ જાય છે. પરિણામે હદીષ શરીફમાં ઈર્શાદ ફર્માવવામાં આવેલ છે કે જ્યારે પણ ઊંઘનું ઝોકું આવી જાય ત્યારે નમાઝ અને ઝિક્રને રોકી દો. જેથી દુઆ કરતી વખતે આ આદાબ (નિયમો)ને ધ્યાનમાં રાખશો.

**અદબ ૧** : દુઆ કરતી વેળા બની શકે ત્યાં સુધી દિલને બીજા વિચારોથી પાક કરો.

**અદબ ૨** : દિલને હાજર રાખી શરીરના અવયવોમાં ખુશૂઅ તેમજ આજીજી પેદા કરો. હદીષ શરીફમાં છે કે અલ્લાહ તઆલા ગાફિલ



દિલની દુઆ સાંભળતો નથી.

**અદબ ૩** : દુઆ કરતી વેળા વુઝૂ સાથે કિબ્લા રૂખ કાએદામાં બેસો છો એ રીતે બેસવું.

**અદબ ૪** : નજર નીચી રાખવી, નહીંતર (મઆઝલ્લાહ !) રોશની ઘટી જવાનો ભય છે.

**અદબ ૫** : અદબ ખાતર હાથો આસમાન તરફ ઊંચે ઉઠાવી, સીના યા ખભા અથવા તો ચેહરા સામે લાવો અથવા તો પૂરેપૂરા (ઊંચા) ઊઠાવો.

**અદબ ૬** : હથેળીઓ પહોળી રાખવી એટલે કે જ્યારે ખોબામાં પાણી લઈએ છીએ તે વખતે જેવી હથેળીઓ રહે છે તેવી ન હોવી જોઈએ કેમ કે દુઆનો કિબ્લો આસમાન છે.

**અદબ ૭** : બંને હાથ ખુલ્લા રાખવા, કપડા વગેરેથી ઢંકાયેલા ન હોવા જોઈએ.

**અદબ ૮** : દુઆ કરતી વેળા શરૂઆતમાં અને છેલ્લે ખુદાની હમ્દ (પ્રશંસા) કરવી કેમ કે



અલ્લાહ તઆલાથી વધીને અન્ય કોઈ પોતાની હમ્દને પસંદ કરનાર નથી. એટલે કે (અલ્લાહ તઆલા) થોડા વખાણ કરવા બદલ ખૂબ રાજી થાય છે અને બેશુમાર (નેઅમતો) અતા કરે છે.

**અદબ ૯** : શરૂઆતમાં અને છેલ્લે નબીએ કરીમ صلی اللہ علیہ وسلم અને એમની આલ, અસ્હાબ પર દુરૂદ મોકલો કારણ કે અલ્લાહ તઆલાની બારગાહમાં દુરૂદશરીફ ખૂબ જ મકબૂલ છે.

**જ્યાં સુધી મુહમ્મદ صلی اللہ علیہ وسلم અને અહલે બયત પર દુરૂદ શરીફ ન મોકલવામાં આવે ત્યાં સુધી દુઆ હિજાબ (પડદા)માં રહે છે.**

اُدْعُوْنِیْٓ اَسْتَجِبْ لَکُمْ ۝

**અર્થ** : ''મારાથી દુઆ કરો, હું કબૂલ કરીશ.''

*(કન્ઝુલ્ ઈમાન)*



શમ્એ રિસાલતના પરવાનાઓ ! આપણે દુઆની ફઝીલત સમજી ચૂક્યા. હવે આવો (આપણે) દુઆ કરીએ કે અલ્લાહ તબારક વ તઆલા આપણને પોતાના મહબૂબોની દુઆઓનો સદકો અતા કરે, અને હમેશાં એની બારગાહમાં આજીજી, ઈન્કેસારી સાથે દુઆ કરતા રહેવાની તૌફીક અતા કરે. આપણી જબાન ઝિક્રે ઈલાહીમાં મશ્ગૂલ રહે અને આપણા દિલોની ધડકન સરકારે દો આલમ صلی اللہ علیہ وسلمની યાદમાં રહે.

**તેરા ઝિક્ર લબ પર ખુદા દિલ કે અંદર**
**યૂં હી ઝિંદગાની ગુઝારા કરું મૈં**
**મુઝે અપની રહમતસે તૂ અપના કર લે**
**સિવા તેરે સબસે કિનારા કરું મૈં**

آمین بجاہ النبی الکریم علیہ افضل الصلوٰۃ والتسلیم۔

*(બહવાલા ''રહમતોં કા ખઝાના'')*

## "રબ્બના"ની ચાલીસ દુઆઓ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**★ આયત : ૧ ★**

رَبَّنَا تَقَبَّلْ مِنَّا ؕ اِنَّكَ اَنْتَ السَّمِيْعُ الْعَلِيْمُ ۔

**રબ્બના તક઼બ્બલ્ મિન્ના ઈન્ન-ક અન્તસ્ સમીઉલ્ અલીમ.** *(સૂરએ બકરહ્, પારા-૧, આયત-૧૨૭)*

**તર્જુમો** : "અય અમારા રબ ! અમારા તરફથી કબૂલ ફર્માવ, બેશક ! તું જ સાંભળતો જાણતો (છે)." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૨ ★**

رَبَّنَا وَاجْعَلْنَا مُسْلِمَيْنِ لَكَ وَمِنْ ذُرِّيَّتِنَآ اُمَّةً مُّسْلِمَةً لَّكَ ۠ وَاَرِنَا مَنَاسِكَنَا وَتُبْ عَلَيْنَا ۚ



اِنَّكَ اَنْتَ التَّوَّابُ الرَّحِيْمُ ۔

**રબ્બના વજ્અલ્ના મુસ્લિમય્નિ લ-ક વમિન્ ઝુર્રિય્યતિના ઉમ્મતમ મુસ્લિ-મ-તલ લ-ક વ અરિના મના-સિ-કના વતુબ્ અલય્ના ઈન્ન-ક અન્તત્ તવ્વાબુર્રહીમ.** *(સૂરએ બકરહ્, પારા-૧, આયત-૧૨૮)*

**તર્જુમો** : "અય અમારા રબ ! અને કર અમને તારા દરબારમાં માથુ નમાવનાર, અને અમારી ઔલાદમાંથી એક ઉમ્મત તારી ફર્માંબરદાર (પેદા કર) અને અમને અમારી ઈબાદતના નિયમો બતાવ, અને અમારા પર પોતાની રહમત સાથે ધ્યાન આપ. બેશક ! તું જ છે ઘણો તૌબા કબૂલ કરનાર મહેરબાન." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૩ ★**

رَبَّنَآ اٰتِنَا فِى الدُّنْيَا حَسَنَةً وَّفِى الْاٰخِرَةِ حَسَنَةً وَّقِنَا عَذَابَ النَّارِ ۔



**રબ્બના આતિના ફિદ્દુન્યા હ-સ-નતંવ્ વફીલ્ આખિ-રતિ હ-સ-નતંવ્ વક઼િના અઝાબન્નાર.** *(સૂરએ બકરહ્, પારા-૨, આયત-૨૦૧)*

**તર્જુમો** : "અય અમારા પાલનહાર ! અમને દુનિયામાં ભલાઈ આપ, અને અમને આખેરતમાં ભલાઈ આપ, અને અમને દોઝખના અઝાબથી બચાવ." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૪ ★**

رَبَّنَآ اَفْرِغْ عَلَيْنَا صَبْرًا وَّثَبِّتْ اَقْدَامَنَا وَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ؕ

**રબ્બના અફ્રિગ્ અલય્ના સબ્રંવ વ ષબ્બિત્ અક઼દામના વન્ સુર્ના અલલ્ ક઼ૌમિલ્ કાફિરીન.** *(સૂરએ બકરહ્, પારા-૨, આયત-૨૫૦)*

**તર્જુમો** : "અય અમારા પરવરદિગાર ! અમારા



પર સબ્રનો છંટકાવ કર, અને અમારા પગ જામેલા રાખ, અને કાફિર લોકો પર અમારી મદદ કર." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૫ ★**

رَبَّنَا لَا تُؤَاخِذْنَآ اِنْ نَّسِيْنَآ اَوْ اَخْطَاْنَا ۚ

**રબ્બના લા તૂઆખિઝ્ના ઈન્નસીના અવ્ અખ્તઅ-ના.** *(સૂરએ બકરહ્, પારા-૩, આયત-૨૮૬)*

**તર્જુમો** : "અય અમારા પાલનહાર ! જો અમે ભૂલી જઈએ અથવા ચૂકી જઈએ તો અમને પકડીશ નહીં" *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૬ ★**

رَبَّنَا وَلَا تَحْمِلْ عَلَيْنَآ اِصْرًا كَمَا حَمَلْتَهٗ عَلَى الَّذِيْنَ مِنْ قَبْلِنَا ۚ

**રબ્બના વલા તહ્મિલ્ અલય્ના ઈસ્રન્ કમા હમલ્ તહૂ અલલ્લઝીન મિન ક઼બ્લિના.** *(સૂરએ બકરહ્, પારા–૩ આયત–૨૮૬)*

**તર્જુમો** : "અય અમારા પરવરદિગાર ! અને અમારા પર ભારે બોજો ન મૂક, જેમ કે તેં અમારા આગલાઓ પર મૂક્યો હતો." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૭ ★**

رَبَّنَا وَلَا تُحَمِّلْنَا مَا لَا طَاقَةَ لَنَا بِهٖ ج وَاعْفُ عَنَّا وَاغْفِرْلَنَا وَارْحَمْنَا اَنْتَ مَوْلٰنَا فَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ ع

**રબ્બના વલા તુહમ્મિલ્ના મા લા તા–ક–ત–લના બિહિ વઅ્ફુ અન્ના વગ્ફિર્ લના વર્હમ્ના અન્ત મૌલાના ફન્સુર્ના અલલ્ ક઼ૌમિલ્ કાફિરીન.** *(સૂરએ બકરહ્, પારા–૩, આયત–૨૮૬)*



**તર્જુમો** : "અય અમારા રબ ! અમારા પર એવો બોજ ન મૂક જેની અમને શક્તિ ન હોય, અને અમને માફ કરી દે, અને બખ્શી દે, અને અમારા પર મહેરબાની કર, તું અમારો માલિક છે તો કાફિર પર અમને મદદ આપ." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૮ ★**

رَبَّنَا لَا تُزِغْ قُلُوْبَنَا بَعْدَ اِذْ هَدَيْتَنَا وَهَبْ لَنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً ج اِنَّكَ اَنْتَ الْوَهَّابُ۔

**રબ્બના લા તુઝિગ્ કુલૂ–બના બઅ્દ ઈઝ્ હદય્ તના વહબ્ લના મિંલ્ લદુન્ક રહ્ મહ્. ઈન્નક અન્તલ્ વહ્ હાબ.** *(સૂરએ આલે ઈમરાન, પારા–૩, આયત–૮)*

**તર્જુમો** : "અય અમારા પરવરદિગાર ! તેં અમને હિદાયત આપી પછી (હવે) અમારાં દિલ વાંકાં ન કર, અને અમને પોતાના પાસેથી રહમત આપ, નિઃશંક ! તું મહાન આપનાર છે." *(કન્ઝુલ્ ઈમાન)*



**★ આયત : ૯ ★**

رَبَّنَآ اِنَّكَ جَامِعُ النَّاسِ لِيَوْمٍ لَّا رَيْبَ فِيْهِ ط اِنَّ اللّٰهَ لَا يُخْلِفُ الْمِيْعَادَ۔

**રબ્બના ઈન્ન–ક જામિઉન્નાસિ લિયવ્ મિલ્ લા રય્ બ ફીહ્. ઈન્નલ્લા–હ લા યુખ્લિફુલ્ મીઆ઼દ.** *(સૂરએ આલે ઈમરાન, પારા–૩, આયત–૯)*

**તર્જુમો** : "હે અમારા પાલનહાર ! બેશક ! તું બધા લોકોને એકઠા કરનાર છે તે દિવસ માટે જેમાં કશી શંકા નથી. નિઃશંક ! અલ્લાહનો વાયદો બદલાતો નથી." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૧૦ ★**

رَبَّنَآ اِنَّنَآ اٰمَنَّا فَاغْفِرْلَنَا ذُنُوْبَنَا وَقِنَا عَذَابَ النَّارِ

**રબ્બના ઈન્નના આમન્ના ફગ્ફિર્ લના ઝુનૂ–બના વક઼િના અઝાબન્નાર.** *(સૂરએ આલે ઈમરાન, પારા–૩, આયત–૧૬)*



**તર્જુમો** : "અય અમારા પાલનહાર ! અમે ઈમાન લાવ્યા તો અમારા ગુનાહ માફ કર, અને અમને દોઝખના અઝાબથી બચાવી લે." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૧૧ ★**

رَبَّنَآ اٰمَنَّا بِمَآ اَنْزَلْتَ وَاتَّبَعْنَا الرَّسُوْلَ فَاكْتُبْنَا مَعَ الشّٰهِدِيْنَ

**રબ્બના આમન્ના બિમા અન્ઝલ્ત વત્તબઅ્નર્રસૂ–લ ફક્તુબ્ના મઅશ્શાહિદીન.** *(સૂરએ આલે ઈમરાન, પારા–૩, આયત–૫૩)*

**તર્જુમો** : "અય અમારા પરવરદિગાર ! અમે જે તેં ઉતાર્યું તેના પર ઈમાન લાવ્યા અને રસૂલના તાબે થયા, તો અમને હક્ક પર સાક્ષી આપનારાઓમાં લખી લે." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૧૨ ★**

رَبَّنَا اغْفِرْلَنَا ذُنُوْبَنَا وَاِسْرَافَنَا فِيْٓ اَمْرِنَا وَثَبِّتْ

اَقْدَا مَنَا وَانْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِيْنَ۔

**રબ્બનગ ફિરર્લના ઝુનૂ-બના વ ઈસ્રાફના ફી અમ્રિના વ ષબ્બિત્ અક઼દા-મના વન્સુર્ના અલલ્ કૌમિલ્ કાફિરીન.** *(સૂરએ આલે ઈમરાન, પારા-૪, આયત-૧૪૭)*

**તર્જુમો** : "અય અમારા પાલનહાર ! અમારા ગુનાહ માફ કરી દે, અને (તે પણ માફ કર) જે વધુ પડતુ અમે અમારા કામોમાં કર્યું, અને અમારા કદમ જમાવી દે, અને અમને આ કાફિર લોકો પર મદદ કર." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૧૩ ★**

رَبَّـنَا مَا خَـلَقْتَ هٰذَا بَاطِلًا ج سُبْحٰنَكَ فَقِنَا عَذَابَ النَّارِ۔

**રબ્બના મા ખલક઼્ત હાઝ઼ા બાતિલા. સુબ્હા-ન-ક ફક઼િના અઝાબન્નાર.** *(સૂરએ આલે ઈમરાન, પારા-૪, આયત-૧૯૧)*



**તર્જુમો** : "અય અમારા રબ ! તેં આ અમસ્તુ જ નથી બનાવ્યું, તારા માટે જ પવિત્રતા છે, તું અમને દોઝખના અઝાબથી બચાવી લે." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૧૪ ★**

رَبَّـنَآ اِنَّكَ مَـنْ تُـدْخِلِ النَّارَ فَقَدْ اَخْزَيْتَهٗ ط وَمَا لِلظّٰلِمِيْنَ مِنْ اَنْصَارٍ۔

**રબ્બના ઈન્ન-ક મન્ તુદ્ખિલિન્ના-ર ફકદ્ અખ્ઝય્-તહુ વમા લિઝ્ ઝાલિમી-ન મિન્ અન્સાર.** *(સૂરએ આલે ઈમરાન, પારા-૪, આયત-૧૯૨)*

**તર્જુમો** : "અય અમારા રબ ! બેશક ! જેને તું દોઝખમાં લઈ જાય સાચે જ તેં તેને અપમાનિત કર્યો, અને જુલ્મીઓનું કોઈ સહાયક નથી." *(કન્ઝુલ્ ઈમાન)*



**★ આયત : ૧૫ ★**

رَبَّـنَا اِنَّنَا سَمِعْنَا مُنَادِيًا يُّنَادِىْ لِلْاِيْمَانِ اَنْ اٰمِنُوْا بِرَبِّكُمْ فَاٰمَنَّا۔

**રબ્બના ઈન્નના સમિઅ્-ના મુનાદિયંય્ યુનાદી લિલ્ ઈમાનિ અન્ આમિનૂ બિરબ્બિકુમ્ ફઆમન્ના.** *(સૂરએ આલે ઈમરાન, પારા-૪, આયત-૧૯૩)*

**તર્જુમો** : "અય અમારા રબ ! અમે એક પોકારનારને સાંભળ્યો જે ઈમાન માટે પોકારી રહ્યો છે કે પોતાના રબ પર ઈમાન લાવો, તો અમે ઈમાન લાવ્યા." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૧૬ ★**

رَبَّـنَا فَاغْفِرْلَنَا ذُنُوْبَنَا وَكَفِّرْ عَنَّا سَيِّاٰتِنَا وَتَوَفَّنَا مَعَ الْاَبْرَارِ



**રબ્બના ફગ્-ફિર્ લના ઝુનૂ-બના વ કફ્-ફિર અન્ના સય્યિઆતિના વ-ત-વફ્ફના મઅલ્ અબ્રાર.** *(સૂરએ આલે ઈમરાન, પારા-૪, આયત-૧૯૩)*

**તર્જુમો** : "અય અમારા રબ ! તું અમારા ગુનાહ માફ કર, અને અમારાં દુષ્કૃત્યો ભૂસી નાખ અને અમારું મૃત્યુ સારા લોકો સાથે કર." *(કન્ઝુલ ઈમાન)*

**★ આયત : ૧૭ ★**

رَبَّـنَا وَاٰتِنَا مَا وَعَدْتَّنَا عَلٰى رُسُلِكَ وَلَا تُخْزِنَا يَوْمَ الْقِيٰمَةِ ط اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ۔

**રબ્બના વઆતિના મા વઅત્તના અલા રુસુલિ-ક વલા તુખ્ઝિના યૌમલ્ કિયા-મતિ ઈન્ન-ક લા તુખ્લિફુલ્ મીઆદ.** *(સૂરએ આલે ઈમરાન, પારા-૪, આયત-૧૯૪)*

**તર્જુમો** : "અય અમારા રબ ! અને અમને તે આપ જેનો તેં તારા રસૂલો મારફત વાયદો કર્યો છે, અને અમને કિયામતના દિવસે અપમાનિત ન કર. બેશક ! તું વાયદા ખિલાફી નથી કરતો." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૧૮ ★**

رَبَّنَآ اَخْرِجْنَا مِنْ هٰذِهِ الْقَرْيَةِ الظَّالِمِ اَهْلُهَا ج وَاجْعَلْ لَّنَا مِنْ لَّدُنْكَ وَلِيًّا ج وَّاجْعَلْ لَّنَا مِنْ لَّدُنْكَ نَصِيْرًا۔

**રબ્બના અખ્રિજ્-ના મિન્ હાઝિહિલ્ કર્યતિઝ્ ઝાલિમિ અહ્લુહા વજ્-અલ્-લના મિલ્ લદુન્ક વલિય્યંવ્ વજ્-અલ્-લના મિલ્ લદુનન્ક નસીરા.** *(સૂરએ નિસા, પારા-૫, આયત-૭૫)*

**તર્જુમો** : "અય અમારા રબ ! અમને આ



વસ્તીમાંથી કાઢ જ્યાંના લોકો અત્યાચારી છે, અને અમને તારા પાસેથી કોઈ વાલી આપ, અને અમને તારા પાસેથી કોઈ મદદગાર આપ." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૧૯ ★**

رَبَّنَآ اٰمَنَّا فَاكْتُبْنَا مَعَ الشّٰهِدِيْنَ۔

**રબ્બના આમન્ના ફક્-તુબ્ના મઅશ્શાહિદીન.** *(સૂરએ માએદા, પારા-૬, આયત-૮૩)*

**તર્જુમો** : "અય અમારા રબ ! અમે ઈમાન લાવ્યા, તો અમને સત્યના સાક્ષીઓમાં નોંધી લે." *(કન્ઝુલ ઈમાન)*

**★ આયત : ૨૦ ★**

رَبَّنَآ اَنْزِلْ عَلَيْنَا مَآئِدَةً مِّنَ السَّمَآءِ تَكُوْنُ لَنَا عِيْدًا لِّاَوَّلِنَا وَاٰخِرِنَا وَاٰيَةً مِّنْكَ ج وَارْزُقْنَا وَاَنْتَ خَيْرُ الرّٰزِقِيْنَ



**રબ્બના અન્ઝિલ્ અલય્-ના માઇદતમ્ મિનસ્સમાઇ તકૂનુ લના ઈ-દલ લિ અવ્વલિના વઆખિરિના વઆયતમ્ મિન્ક વર્ઝુક્ના વ અન્ત ખૈરુર્રાઝિકીન.** *(સૂરએ માએદા, પારા-૭, આયત-૧૧૪)*

**તર્જુમો** : "અય અમારા રબ ! અમારા પર આકાશમાંથી એક ભરેલો થાળ ઉતાર કે તે અમારા માટે ઈદ બને અમારા આગલા પાછલાઓની, અને તારા તરફથી નિશાની, અને અમને રોજી આપ, અને તું સર્વોત્તમ રોજી આપનાર છે." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૨૧ ★**

رَبَّنَا ظَلَمْنَآ اَنْفُسَنَا وَاِنْ لَّمْ تَغْفِرْلَنَا وَتَرْحَمْنَا لَنَكُوْنَنَّ مِنَ الْخٰسِرِيْنَ

**રબ્બના ઝલમ્ના અન્ફુ-સ-ના વઈલ્લમ્**



**તગ્-ફિર્લના વતર્હમ્ના લ-નકૂ-નન્ન મિનલ્ ખાસિરીન.** *(સૂરએ અઅ્રાફ, પારા-૮, આયત-૨૩)*

**તર્જુમો** : " અય અમારા પરવરદિગાર ! અમે અમારું જાતે જ બુરુ કર્યું, તો જો તું અમને માફ નહીં કરે, અને અમારા પર દયા ન હીં કરે, તો અમે જરૂર નુકસાનવાળાઓમાં થયા." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૨૨ ★**

رَبَّنَا لَا تَجْعَلْنَا مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ۔

**રબ્બના લા તજ્-અલ્ના મઅલ્ કૌમિઝ્ ઝાલિમીન.** *(સૂરએ અઅ્રાફ, પારા-૮, આયત-૪૭)*

**તર્જુમો** : "અય અમારા પરવરદિગાર ! અમને જુલ્મીઓ સાથે ન કરીશ." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૨૩ ★**

رَبَّنَا افْتَحْ بَيْنَنَا وَبَيْنَ قَوْمِنَا بِالْحَقِّ وَاَنْتَ خَيْرُ الْفٰتِحِيْنَ

**રબ્બનફ્-તહ્ બય્-નના બય્-ન ક઼ૌમિના બિલ્હક્કિ઼ વ અન્ત ખૈરુલ્ ફાતિહ઼ીન.** *(સૂરએ અઅ્રાફ, પારા-૯, આયત-૮૯)*

**તર્જુમો** : "અય અમારા પરવરદિગાર ! અમારી અને અમારી કૌમની વચમાં સત્ય ફેંસલો કર, અને તારો ફેંસલો સર્વોત્તમ (છે.)" *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૨૪ ★**

رَبَّنَآ اَفْرِغْ عَلَيْنَا صَبْرًا وَّتَوَفَّنَا مُسْلِمِيْنَ ع

**રબ્બના અફરિગ્ અલય્-ના સબ્રંવ્ વ-ત-વફ્ફના મુસ્લિમીન.** *(સૂરએ અઅ્રાફ, પારા-૯, આયત-૧૨૬)*

**તર્જુમો** : "અય અમારા પરવરદિગાર ! અમારા પર ધીરજ વરસાવ, અને અમને મુસલમાન (હોવાની હાલતમાં) ઉઠાવ." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૨૫ ★**

رَبَّنَالَا تَجْعَلْنَا فِتْنَةً لِّلْقَوْمِ الظّٰلِمِيْنَ ۔ وَنَجِّنَا



بِرَحْمَتِكَ مِنَ الْقَوْمِ الْكٰفِرِيْنَ ۔

**રબ્બના લા તજ્-અલ્ના ફિત્નતલ્ લિલ્-કૌમિઝ્ ઝાલિમી-ન. વ નજ્જિના બિરહ્-મતિ-ક મિનલ્ ક઼ૌમિલ્ કાફિરીન.**
*(સૂરએ યૂનુસ, પારા-૧૧, આયત-૮૫, ૮૬)*

**તર્જુમો** : "અય અમારા રબ ! અમને જાલિમો માટે આજમાઈશ ન બનાવ, અને પોતાની મહેરબાનીથી અમને કાફિરોથી છોડાવ." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૨૬ ★**

رَبَّنَآ اِنَّكَ تَعْلَمُ مَا نُخْفِىْ وَمَا نُعْلِنُ ؕ وَمَا يَخْفٰى عَلَى اللّٰهِ مِنْ شَىْءٍ فِى الْاَرْضِ وَلَا فِى السَّمَآءِ

**રબ્બના ઈન્ન-ક તઅ્-લમુ મા નુખ્ફી વમા નુઅ્-લિન. વમા યખ્ફા અલલ્લાહિ મિન્ શય્ઈન્ ફિલ્અર્દ્િ વલા ફિસ્સમાઅિ.** *(સૂરએ ઈબ્રાહીમ, પારા-૧૩, આયત-૩૮)*



**તર્જુમો** : "અય અમારા રબ ! તું જાણે છે જે અમે છુપાવીએ છીએ અને જે કાંઈ જાહેર કરીએ છીએ તે, અને અલ્લાહ પર કશું છુપુ નથી ધરતીમાં ન આકાશમાં." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૨૭ ★**

رَبَّنَا وَتَقَبَّلْ دُعَآءِ **રબ્બના વ-ત-ક઼બ્બલ્ દુઆ઼અ.** *(સૂરએ ઈબ્રાહીમ, પારા-૧૩, આયત-૪૦)*

**તર્જુમો** : "અય અમારા રબ ! અને મારી દુઆ સાંભળી લે." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૨૮ ★**

رَبَّنَا اغْفِرْ لِىْ وَلِوَالِدَىَّ وَلِلْمُؤْمِنِيْنَ يَوْمَ يَقُوْمُ الْحِسَابُ

**રબ્બનગ ફિર્લી વલિ વાલિદય્ય વલિલ્ મુઅ-મિની-ન યૌ-મ યકૂમુલ હ઼િસાબ.**
*(સૂરએ ઈબ્રાહીમ, પારા-૧૩, આયત-૪૧)*



**તર્જુમો** : "અય અમારા પરવરદિગાર ! મને માફ કરી દે અને મારાં માબાપને અને બધા મુસલમાનોને જે દિવસે કે હિસાબ લેવાશે." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૨૯ ★**

رَبَّنَآ اٰتِنَا مِنْ لَّدُنْكَ رَحْمَةً وَّهَيِّئْ لَنَا مِنْ اَمْرِنَا رَشَدًا

**રબ્બના આતિના મિલ્લદુન્ક રહ્ મતંવ્ વ હય્યિઅ્-લના મિન્ અમ્રિના ર-શ-દા.** *(સૂરએ કહફ, પારા-૧૫, આયત-૧૦)*

**તર્જુમો** : "અય અમારા રબ ! અમને પોતાની પાસેથી રહમત આપ અને અમારા કાર્યમાં અમારા માટે સફળતાનાં સાધન બનાવ." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૩૦ ★**

رَبَّنَآ اِنَّنَا نَخَافُ اَنْ يَّفْرُطَ عَلَيْنَا اَوْ اَنْ يَّطْغٰى

**રબ્બના ઈન્નના નખાફુ અંય્-યફરુ-ત**

**અલય્‌–ના અવ્‌ અંય્‌–યત્ગા.** *(સૂરએ તાહા, પારા–૧૬, આયત–૪૫)*

**તર્જુમો** : ''અય અમારા રબ ! બેશક ! અમે ડરીએ છીએ કે તે અમારા પર જુલ્મ કરે, અથવા અશિષ્ટ રીતે વર્તે.'' *(કન્ઝુલ્‌ ઈમાન)*

**★ આયત : 31 ★**

رَبَّنَآ اٰمَنَّا فَاغۡفِرۡلَنَا وَارۡحَمۡنَا وَاَنۡتَ خَيۡرُ الرّٰحِمِيۡنَ۔

**રબ્બના આમન્ના ફગ્‌–ફિર લના વર્હમ્‌ના વ અન્ત ખૈરુર્રાહ઼િમીન.** *(સૂરએ મુઅ્‌મિનૂન, પારા–૧૮, આયત–૧૦૯)*

**તર્જુમો** : ''અય અમારા રબ ! અમે ઈમાન લાવ્યા તો અમને માફ કરી દે અને અમારા પર રહમ કર અને તું સર્વથી સારો રહમ કરનાર છે.''*(કન્ઝુલ્‌ ઈમાન)*



**★ આયત : ૩૨ ★**

رَبَّنَا اصۡرِفۡ عَنَّا عَذَابَ جَهَنَّمَ ۖ اِنَّ عَذَابَهَا كَانَ غَرَامًا۔

**રબ્બનસ્‌–રિફ્‌ અ઼ન્ના અ઼ઝાબ જહન્નમ ઈન્ના અઝા બહા કા–ન ગ઼રામા.** *(સૂરએ ફુર્કાન, પારા–૧૯, આયત–૬૫)*

**તર્જુમો** : ''અય અમારા રબ ! અમારાથી પાછો વાળ જહન્નમનો અઝાબ, બેશક ! તેનો અઝાબ ગળાનો ફંદો છે.'' *(કન્ઝુલ્‌ ઈમાન)*

**★ આયત : 33 ★**

رَبَّنَا هَبۡ لَنَا مِنۡ اَزۡوَاجِنَا وَذُرِّيّٰتِنَا قُرَّةَ اَعۡيُنٍ وَّ اجۡعَلۡنَا لِلۡمُتَّقِيۡنَ اِمَامًا۔

**રબ્બના હબ્લના મિન્‌ અઝ્‌વાજિના વ ઝુર્રિય્યાતિના કુર્ર–ત અઅ્‌–યુનિવ વજ્‌–અલ્ના લિલ્‌ મુત્ત઼કી–ન ઈમામા.** *(સૂરએ*



*ફુર્કાન, પારા–૧૯, આયત–૭૪)*

**તર્જુમો** : ''અય અમારા રબ ! અમને અમારી પત્નીઓ અને અમારી ઔલાદથી આંખોની ઠંડક આપ અને અમને પરહેઝગારોના આગેવાન બનાવ.'' *(કન્ઝુલ્‌ ઈમાન)*

**★ આયત : ૩૪ ★**

رَبَّنَا لَغَفُوۡرٌ شَكُوۡرُۨ **રબ્બના લ–ગફૂરુન્‌ શકૂર.** *(સૂરએ ફાતિર, પારા–૨૨, આયત–૩૪)*

**તર્જુમો** : ''અમારો રબ માફ કરનાર કદરદાન છે.'' *(કન્ઝુલ્‌ ઈમાન)*

**★ આયત : ૩૫ ★**

رَبَّنَا وَسِعۡتَ كُلَّ شَيۡءٍ رَّحۡمَةً وَّ عِلۡمًا فَاغۡفِرۡ لِلَّذِيۡنَ تَابُوۡا وَاتَّبَعُوۡا سَبِيۡلَكَ وَقِهِمۡ عَذَابَ الۡجَحِيۡمِ

**રબ્બના વ સિઅ્‌–ત કુલ્લ શય્‌ઈર્રહ્‌–મતંવ્‌**



**વ ઈ઼લ્મન્‌ ફગ્ફિર્‌ લિલ્લઝી–ન તાબૂ વત્ત–બ–ઊ઼ સબી–લ–ક વકિ઼હિમ્‌ અઝાબલ્‌ જહ઼ીમ.** *(સૂરએ મુઅ્‌મિન, પારા–૨૪, આયત–૭)*

**તર્જુમો** : ''અય અમારા રબ ! તારી મહેરબાની અને ઈલ્મમાં દરેક વસ્તુનો સમાવેશ છે, તો જેમણે તૌબા કરી અને તારા રસ્તે ચાલ્યા તેમને માફ કરી દે અને તેમને દોઝખના અઝાબથી બચાવ.'' *(કન્ઝુલ્‌ ઈમાન)*

**★ આયત : ૩૬ ★**

رَبَّنَا وَاَدۡخِلۡهُمۡ جَنّٰتِ عَدۡنِ ِۨ الَّتِيۡ وَعَدۡتَّهُمۡ وَمَنۡ صَلَحَ مِنۡ اٰبَآئِهِمۡ وَاَزۡوَاجِهِمۡ وَ ذُرِّيّٰتِهِمۡ ؕ اِنَّكَ اَنۡتَ الۡعَزِيۡزُ الۡحَكِيۡمُ

**રબ્બના વ અદ–ખિલ્હુમ્‌ જન્નાતિ અદ્‌નિ નિલ્લતી વઅ઼ત્તહુમ્‌ વમન્‌ સ–લ–હ મિન્‌ આબાઅિહિમ્‌ વ અઝવાજિહિમ્‌ વ**

**ઝુર્રિય્યાતિહિમ્ ઈન્ન-ક અન્તલ્ અઝીઝુલ્ હ્કીમ.** *(સૂરએ મુઅ્મિન, પારા-૨૪, આયત-૮)*

**તર્જુમો** : "અય અમારા રબ ! અને તેમને રહેવાના બગીચાઓમાં દાખલ કર જેનો તેં એમને વાયદો આપ્યો છે અને તેમના બાપદાદા અને પત્નીઓ અને ઔલાદમાંથી જે નેક હોય તેમને. બેશક ! તું જ ઈજ્જત અને હિકમતવાળો છે." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૩૭ ★**

رَبَّنَا اغْفِرْ لَنَا وَلِاِخْوَانِنَا الَّذِيْنَ سَبَقُوْنَا بِالْاِيْمَانِ وَلَا تَجْعَلْ فِيْ قُلُوْبِنَا غِلًّا لِّلَّذِيْنَ اٰمَنُوْا رَبَّنَآ اِنَّكَ رَءُوْفٌ رَّحِيْمٌ

**રબ્બનગ્ ફિર્-લના વલિ ઈખ્વાનિ નલ્લઝી-ન સ-બ-કૂના બિલ્ ઈમાનિ વલા તજ્-અલ્ ફી કુલૂબિના ગિલ્લલ્ લિલ્લઝી-ન**



**આ-મનૂ રબ્બના ઈન્ન-ક રઊફુર્રહીમ.** *(સૂરએ હશ્ર, પારા-૨૮, આયત-૧૦)*

તર્જુમો : "અય અમારા પરવરદિગાર અમને માફ કરી દે અને અમારા ભાઈઓને જેઓ અમારાથી પહેલાં ઈમાન લાવ્યા, (તેમને પણ માફ કરી દે) અને અમારા દિલોમાં ઈમાનવાળાઓ માટે કશો કીનો રાખ નહીં. અય અમારા રબ ! બેશક ! તું જ ઘણો મહેરબાન રહમવાળો છે." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૩૮ ★**

رَبَّنَا عَلَيْكَ تَوَكَّلْنَا وَاِلَيْكَ اَنَبْنَا وَاِلَيْكَ الْمَصِيْرُ۔

**રબ્બના અલય્-ક તવક્કલ્ના વ ઈલૈ-ક અનબ્ના વ ઈલૈ-કલ્ મસીર** *(સૂરએ મુમ્તહિના, પારા-૨૮, આયત-૪)*

**તર્જુમો** : "અય અમારા પરવરદિગાર ! અમે તારા પર જ વિ□ાસ મૂક્યો અને તારી તરફ જ કેન્દ્રિત થયા અને તારી તરફ જ પરત થવાનું છે." *(કન્ઝુલ્ ઈમાન)*



**★ આયત : ૩૯ ★**

رَبَّنَا لَا تَجْعَلْنَا فِتْنَةً لِّلَّذِيْنَ كَفَرُوْا وَاغْفِرْ لَنَا رَبَّنَا ج اِنَّكَ اَنْتَ الْعَزِيْزُ الْحَكِيْمُ۔

**રબ્બના લા તજ્-અલ્ના ફિત્નતલ્ લિલ્લઝી-ન ક-ફ-રૂ વગ્-ફિર્ લના રબ્બના ઈન્ન-ક અન્તલ્ અઝીઝુલ્ હ્કીમ.** *(સૂરએ મુમ્તહિના, પારા-૨૮, આયત-૫)*

**તર્જુમો** : "અય અમારા પરવરદિગાર ! અમને કાફિરોની કસૌટીમાં નાખ નહીં, અને અમને માફ કર. અય અમારા રબ ! બેશક ! તું જ ઈજ્જતવાળો અને હિકમતવાળો છે." *(કન્ઝુલ્ ઈમાન)*

**★ આયત : ૪૦ ★**

رَبَّنَآ اَتْمِمْ لَنَا نُوْرَنَا وَاغْفِرْ لَنَا ج اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ۔

**રબ્બના અત્મિમ્ લના નૂ-ર-ના**



**વગ્-ફિર્-લના ઈન્ન-ક અલા કુલ્લિ શયઈન્ ક્દીર.** *(સૂરએ તહરીમ, પારા-૨૮, આયત-૮)*

**તર્જુમો** : "અય અમારા રબ ! અમને અમારું નૂર સંપૂર્ણપણે આપ અને અમને માફ કરી દે, બેશક ! તને દરેક વસ્તુ પર સત્તા છે." *(કન્ઝુલ્ ઈમાન)*

★ ✯ ✪ ★ ✯ ✪

**★ શજરએ હઝરાતે આલિયા કાદરિયા બરકાતિયા** رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْن **★**

યા ઈલાહી ! રહમ ફર્મા મુસ્તફા કે વાસ્તે,
યા રસૂલલ્લાહ ! કરમ કીજીએ ખુદા કે વાસ્તે

મુશ્કિલેં હલ કર, શહે મુશ્કિલ કુશા કે વાસ્તે,
કર બલાએં રદ, શહીદે કરબલા કે વાસ્તે

સય્યદે સજ્જાદ કે સદકે મેં સાજિદ રખ મુઝે,
ઈલ્મે હક્ક દે બાકિરે ઈલ્મે હુદા કે વાસ્તે

સિદ્દકે સાદિક઼ કા તસદ્દુક઼ સાદિકુલ ઈસ્લામ કર,
બે ગઝબ રાઝી હો, 'કાઝિમ' ઔર 'રઝા' કે વાસ્તે

બેહરે મઅરૂફો સરી, મઅરૂફ દે બે ખૂદ સરી,
જુન્દે હક઼્મેં ગિન જુનૈદે બા સફા કે વાસ્તે

બેહરે શિબ્લી શેરે હક઼્ક઼, દુન્યા કે કુત્તોંસે બચા,
એક કા રખ અબ્દે વાહિદ બે રિયા કે વાસ્તે

બુલ–ફરહ કા સદકા કર ગમકો ફરહા દે હુસ્નો સઅદ,
બુલ હસન ઔર બૂ સઈદે સાઅદઝા કે વાસ્તે

ક઼ાદરી કર ક઼ાદરી રખ, ક઼ાદરીયોં મેં ઉઠા,
ક઼દરે અબ્દુલ ક઼ાદિરે કુદરત નુમા કે વાસ્તે

અહસનલ્લાહો–લહુ રિઝ્કન સે દે કે રિઝ્કે હસન,
બન્દે એ રઝ્ઝાક તાજુલ અસ્ફિયા કે વાસ્તે

નસ્ર અબી સાલેહ કા સદકા સાલેહો મન્સૂર રખ,
દે હયાતે દીં મુહિય્યે જાં ફિઝા કે વાસ્તે

તૂરે ઈરફાનો ઉલુવો હમ્દો હુસ્નો બહા,
દે અલી મૂસા હસન અહમદ બહા કે વાસ્તે



બેહરે ઈબ્રાહીમ મુઝ પર, નારે ગમ ગુલ્ઝાર કર,
ભીક દે દાતા ભિકારી બાદશાહ કે વાસ્તે

ખાન એ દિલ કો ઝિયા દે, રૂએ ઈમાં કો જમાલ,
શહે ઝિયા મૌલા જમાલુલ્ ઔલિયા કે વાસ્તે

દે મુહમ્મદ કે લિયે રોઝી કર અહમદ કે લિયે,
ખ્વાને ફઝ્લુલ્લાહ સે હિસ્સા ગદા કે વાસ્તે

દીનો–દુન્યા કી મુઝે બરકાત દે બરકાત સે,
ઈશ્કે હક઼્ક઼ દે ઈશ્કા એ–ઈશ્ક઼ ઈન્તેમા કે વાસ્તે

હુબ્બે એહ્લે બયત દે આલે મુહમ્મદ કે લિયે,
કર શહીદે ઈશ્કે હમ્ઝા પેશ્વા કે વાસ્તે

દિલ કો અચ્છા તન કો સુથરા જાન કો પુરનૂર કર,
અચ્છે પ્યારે શમ્સે–દીં બદરુલ્ ઉલા કે વાસ્તે

દો જહાં મેં ખાદિમે આલે રસૂલુલ્લાહ કર,
હઝરતે આલે રસૂલે મુક્તદા કે વાસ્તે

નૂરે જાનો, નૂરે ઈમાં, નૂરે ક઼બ્રો હશ્ર દે,
બુલ હુસૈને અહમદે નૂરે લક઼ા કે વાસ્તે



કર અતા અહમદ રઝા એ અહમદે મુરસલ મુઝે,
મેરે મૌલા ‘હઝરતે અહમદ રઝા’ કે વાસ્તે

સાયએ જુમલા મશાઈખ યા ખુદા હમ પર રહે,
રહમ ફર્મા આલે રહમાન મુસ્તફા કે વાસ્તે

સદકા ઈન આયાંકા દે, છે અયન ઈઝ ઈલ્મો અમલ,
અફવો–ઈર્ફા આફિયત ઈસ બે નવા કે વાસ્તે

## ★ આ'લા હઝરત رضی اللہ عنہ કી દુઆ ★

યા ઈલાહી ! હર જગહ તેરી અતાકા સાથ હો
જબ પડે મુશ્કિલ શહે મુશ્કિલ કુશાકા સાથ હો

યા ઈલાહી ! ભૂલ જાઉં નઝઅ કી તકલીફ કો
શાદી એ દીદારે હુસ્ને મુસ્તફા કા સાથ હો

યા ઈલાહી ! ગોરે તિરાહ કી જબ આએ સખ્ત રાત
ઉનકે પ્યારે મુંહકી સુબ્હે જાં ફિઝા સાથ હો

યા ઈલાહી ! જબ પડે મહશરમેં શૌરે દારોગીર
અમ્ન દેનેવાલે પ્યારે પેશ્વા કા સાથ હો

યા ઈલાહી ! જબ ઝબાનેં બાહર આએં પ્યાસ સે
સાહિબે કૌષર શહે જૂદો અતાકા સાથ હો



યા ઈલાહી ! ગર્મીએ મેહશર સે જબ ભડકે બદન
દામને મહબૂબ કી ઠંડી હવાકા સાથ હો

યા ઈલાહી ! નામએ આમાલ જબ ખુલને લગે
ઐબ પોશે ખલ્ક઼ સત્તારે ખતાકા સાથ હો


યા ઈલાહી ! રંગ લાએં જબ મેરી બે બાકિયાં
ઈનકી નીચી નીચી નઝરોંકી હયાકા સાથ હો

યા ઈલાહી ! જબ ચલૂં તારિક રાહે પુલસિરાત
આફતાબે હાશ્મી નૂરુલ્ હુદાકા સાથ હો

યા ઈલાહી ! જબ સરે શમશીર પર ચલના પડે
રબ્બે સલ્લિમ કેહનેવાલે ગમ ઝુદા કા સાથ હો

યા ઈલાહી ! જો દુઆએં નેક હમ તુઝસે કરેં
કુદ્સિયોંકે લબસે આમીન રબ્બના કા સાથ હો

યા ઈલાહી ! જબ '**રઝા**' ખ્વાબે ગિરાં સે સર ઉઠાએ
દૌલતે બેદાર ઈશ્કે મુસ્તફા કા સાથ હો



## જનાઝાની નમાઝ

ફર્ઝે કિફાયહ્ છે, એક જણે પણ પઢી લીધી તો સૌની જિમ્મેદારી ઉતરી ગઈ અને કોઈએ ન પઢી તો જેણે જેણે જાણ્યું સૌ ગુનેહગાર, અને તેના ફર્ઝે કિફાયહ્ હોવાનો મુન્કિર કાફિર છે. તેના માટે જમાઅત શર્ત નથી એક જણે પઢી લીધી તો પણ ફર્ઝ પૂરો. *(આલમગીરી)*

### ★ નમાઝે જનાઝાની રીત ★

નિયત (એટલે દિલથી પાકો ઈરાદો) કરે કે, નિયત કરી મેં નમાઝની અલ્લાહ માટે અને દુઆ આ મૈયત માટે (પાછળ આ ઈમામની) અલ્લાહુ અકબર કહી કૌલ બાંધી ષના (સુબ્હાનકલ્લાહુમ્મ...) પઢે તેમાં **જદ્દુક** પછી ***વજલ્લષનાઉક*** વચ્ચે ઉમેરી રાબેતા મુજબ ષના પૂરી કરે. (ઈમામ બીજી તકબીર કહે તો પોતે પણ) ***અલ્લાહુ અકબર*** કહી દુરૂદે ઈબ્રાહીમ



આખુ પઢે. ત્રીજી તકબીર કહ્યા બાદ (મૈયત બાલિગ સ્ત્રી પુરૂષની હોય તો) પઢે : ***અલ્લાહુમ્મગ્ફિર લિહય્યિના વ મય્યિતિના વ શાહિદિના વ ગાઇબિના વ સગ઼ીરિના વ કબીરિના વ ઝ-કરિના વ ઉન્ષાના અલ્લાહુમ્મ મન્ અહ્યય્તહૂ મિન્ના ફ-અહ્યિહી અલલ્ ઇસ્લામિ વ-મન્ તવફ્ફય્તહૂ મિન્ના ફ-તવફ્ફહૂ અલલ્ ઇમાન.*** (મૈયત જો નાબાલિગ છોકરાની અથવા બાલિગ થતાં પહેલાં પાગલ થયેલાની હોય તો) પઢે : ***અલ્લાહુમ્મજ્અલ્હૂ લના ફ-રતંવ્ વજ્અલ્હૂ લના અજ્રંવ્ વ ઝુખ્રંવ્ વજ્અલ્હૂ લના શાફિઅંવ્ વ મુશફ્ફઆ.*** (અને નાબાલિગ છોકરીનો જનાઝો છે તો) ઉપરોક્ત દુઆમાં ***અલ્હુલના***ને બદલે ***અલ્હાલના*** પઢે. ચોથી તકબીર થતાં જ **હાથ છોડી દઈને સલામ**



**ફેરવે.** જેને ઉપરોક્ત દુઆઓ ન આવડે તો કોઈ પણ દુઆએ માષૂરહ (અલ્લાહુમ્મગફિર્લી...) પઢી શક્શે. નમાઝે જનાઝામાં **ચાર તકબીરો** અને **કિયામ ફર્ઝ** છે, તથા ષના, દુરૂદ અને મૈયત માટે દુઆ સુન્નતે મોઅક્કદહ છે.

**ચેતવણી** : જનાઝા સાથે ચાલનારાઓ મૌન રહે મૌત અને કબરની હાલતો નજરો સમક્ષ રાખી ગંભીર રહે ન દુનિયવી વાતો કરે ન હસે (આજકાલ તો અજબનો આલમ જોવા મળે છે કે સરઘસમાં જતા હોય તેમ કેટલાક લોકો વિવિધ વાતો કરતા, હસતા જનાઝા સાથે ચાલે છે ! તેઓ સબક લે.) હઝરત અબ્દુલ ઈબ્ને મસ્ઊદ رضی اللہ تعالیٰ عنہ એ એક જણને જનાઝા સાથે હસતાં જોયો તો ફર્માવ્યું, "તું જનાઝા સાથે હસે છે ! તારાથી કદી વાત કરીશ નહીં." અને ઝિક્ર કરવા ચાહે તો દિલમાં કરે અને જોરથી ઝિક્રની પણ ઈજાઝત છે. *(નિઝામે શરીઅત)*



મૈયતને કબરમાં રાખતી વેળા પઢે :–

***બિસ્મિલ્લાહિ વ અલા મિલ્લતિ રસૂલિલ્લાહ.***

### ★ માટી દેવાનો ઈસ્લામી તરીકો ★

મુસ્તહબ એ છે કે સિરહાનાની તરફ બંને હાથો વડે ત્રણવાર માટી નાંખે. પ્રથમ વાર કહે, ***મિન્હા ખલક્નાકુમ,*** **બીજી વાર** : ***વ ફીહા નુઇદુકુમ્,*** **ત્રીજી વાર** : ***વ મિન્હા નુખ્રિજુકુમ્ તા-રતન્ ઉખ્રા***

**ચેતવણી** : કોઈ સુન્નીભાઈ વહાબી, દેવબંદી વગેરે મુર્તદોની જનાઝાની નમાઝ ન પઢે ન પઢાવે, કેમ કે જનાઝાની નમાઝમાં મૈયત માટે દુઆ હોય છે અને કાફિર મુર્તદ માટે મગફિરતની દુઆ કરવી **કુફ્ર** છે, તેને **મર્હૂમ** કહેવું પણ **કુફ્ર** છે, ભલે મુર્તદ સગો બાપ કે ગમે તે કેમ ન હોય. જેમણે ભૂલ કરી હોય તેઓ તુરત જ તૌબા કરે.